## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

એના વિષે મને આ બાતમી મળી છે,
ઈશ્વર બધે જ છે, એ વાત બહુ ગમી છે.
શાયર ઘણા છે તેમ જ શ્રોતાઓ ખૂબ છે,
મહેફિલમાં આવ દોસ્ત તારી જ તો કમી છે!!
- વિનોદ ગાંધી

### પાથેય

- રમેશ ઠક્કર

## રહસ્યોની પેલે પાર

જીવન એક ખોજ છે..વિજ્ઞાન નિત નવાં રહસ્યો ખોલે છે..ગઈકાલે જે હકિકત ચમત્કાર જેવી લાગતી એ આજે સરળ સહજ લાગે છે..વિજ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજો અને ટેકનોલોજિકલની કમાલ થકી આજે અશક્ય લાગતી ઘણી બાબતો સાવ સરળ લાગી રહી છે...આમ છતાં નવાં નવાં રહસ્યો ઉઘડતાં જાય છે આપણી શોધ સતત ચાલતી રહે છે..

થોડા સમય પહેલાં મેડીસીન માટે ત્રણ અમેરિકન વૈજ્ઞાનિકોને નોબેલ પ્રાઈઝ મળ્યું..' શરીરની ઘડિયાળ કેવી રીતે કામ કરે છે ?' એ સંશોધન માટે..માનવ શરીરની આંતરિક ઘડિયાળ એટલેકે બાયોલોજિકલ કલોક એક વિસ્મયકારક કુદરતી વ્યવસ્થા છે..આપણને સહુને જુદી રીતે આ બાબતનો અનુભવ હોય જ છે..પણ આપણે એના વિશે વૈજ્ઞાનિક ઢબે વિચારતા હોતા નથી..ઘણા લોકો ને વહેલી સવારે અમુક ચોકકસ ટાઈમે ઉઘ ઉડી જ જાય..ભલે એ ગમે તેટલા વાગ્યે ઉઘ્યા હોય..આપણે મુશ્કેલીમાં હોઈએ ત્યારે જે આપણી સાથે નિકટના લાગણીતંતુએ જોડાયેલી હોય એવી વ્યક્તિ એ જ સમયે બેચેની અનુભવતી હોય છે. આવી તો ઘણી રહસ્યમય હકિકતો છે..એવું કહેવાય છે કે આપણા શરીરના કોષો સતત નાશ પામે છે અને એની જગ્યાએ નવા કોષો જન્મતા જાય છે..એનો અર્થ એ થાય કે અમુક સમય પછી આપણું શરીર તદ્દન નવા કોષોનું બની જાય..મરી ગયેલા કોષો સાથે બધું ભસ્મીભૂત થઈ જવું જોઈએ..પણ આપણને શિશુવયે જોયેલી કોઈ ઘટના જીવનની ઢળતી સાંજે પણ યથાતથ યાદ રહેતી હોય છે..આશ્ચર્યજનક રીતે એમાં સ્મૃતિઓનું હસ્તાંતરણ કઈ રીતે થતું હશે ? આપણા મગજમાં વર્ષો જુની સ્મૃતિઓ પણ અકબંધ સચવાયેલી રહે છે એ પણ એક ચમત્કાર થી કમ નથી !

કોઈ તદન અજાણી વ્યક્તિ સાથે મળતાં પ્રથમ પરિચયે જ ઘણીવાર એ આપણને પોતીકી લાગે છે..ઘણાને મળતાં જ કારણવગર અણગમો થાય છે..જમાવટ થતી નથી..એને કેમિસ્ટ્રી કહે છે..આવું કેમ? બે વ્યક્તિ વચ્ચે રચાતું આવું સાયુજય પણ અજાયબી જેવું હોય છે..કોઈ તમને દિલથી યાદ કરતું હોય તો તમને ખબર પડી જાય છે. કોઈ દૂર બેઠાં પણ તમારા માટે દુર્ભાવ વ્યકત કરતું હોય એ પણ આપણને અનુભવાય છે..આ બધું કયા અજાણ્યા તંતુ થકી સંચાર થતું હશે ? ટેલીપથી પણ એક ગજબ ચીજ છે..કોઈક એવો તંતુ છે જે ચેતાતંતુને સ્પર્શે છે. ગુરૂશિષ્ય પરંપરામાં દુર વસતા ગુરૂને પડતી તકલીફો શિષ્યને યથાતથ અનુભવાતી હોવાની ઘણી કથાઓ પ્રચલિત છે..આવું જ પ્રેમીઓની એકબીજાની ઉત્કટતા માટે પણ હોય છે..એક કવિએ સરસ કહયું છે..'વ્યર્થ દુનિયામાં પ્રણયને આંધળો કહેવાય છે..તું નજર સામે નથી તો પણ મને દેખાય છે!' આ ટેલિકાસ્ટના તાર કેવા હશે ? આ બધું સામાન્ય બુધ્ધિથી માપી શકાતું નથી..માણસ સતત પછડાટો પછી પણ મકકમ કઈ રીતે રહી શકે છે.? પ્રતિકાર કયાંથી આવે છે ? એવા કયા સ્ત્રાવો શરીરમાંથી ઝરતા હશે? ખુમારી, લગન, ધૂન કે ઘેલછા કયાંથી પ્રગટતાં હશે ? આપણા શરીર અને મનમાં જ એટલાં વિસ્મયો પડેલાં છે જેનો તાગ મેળવવો મુશ્કેલ છે..ઘણીવાર બહારની મુસાફરી કરતાં આપણી ભીતરની મુસાફરી વધારે વિસ્મયકારક હોય છે.

# અભિનેત્રીઓના ગાલ અને શ્રાપ

**તંત્રીસ્થાનેથી...**

વર્ષો પૂર્વે લાલુ યાદવે બિહારના રસ્તાઓ હેમામાલિનીના ગાલ જેવા સુંવાળા, લિસ્સા બનાવવાની વાત કરી હતી જે દરેકને ગમી હતી. હેમામાલિનીને પણ એના રૂપ પાછળ ઘેલા રાજકીય નેતાઓની આવી કોમેન્ટ્સ ગમતી જ હશે નહીંતર એ જ વખતે એણે નારાજગી દર્શાવી હોત. સ્ત્રી માત્રને એના સૌંદર્યનાં વખાણ ગમતાં હોય છે. પુરુષને એના વ્યક્તિત્વનાં વખાણ ગમે, એના પ્રભાવની પ્રશંસા ગમે. આ કુદરતી બાબત છે. પરંતુ સ્ત્રી ઘરડી થાય કે કોઈ ઊંચા પદ પર પહોંચે અને ત્યારે કોઈ એના ગાલ કે ચાલ પાછળ કોમેન્ટ કરે તો એને માઠું લાગતું હોય છે . આ હોર્મોનલ ફેરફારની લીલા છે. હેમા હવે પેલી અગાઉની દેવાનંદની હીરોઈન નથી રહી. એ પ્રતિષ્ઠિત સાંસદ છે. હેમા માલિનીએ તત્કાલીન 'હી-મેન' પણ કામણ કર્યાં હતાં એન બે છોકરાઓનો બાપ એની જાટણીને તરછોડીને તથા બાળકોની નારાજગી વહોરીને એક ચુલબુલી અભિનેત્રી સાથે રહેવા લાગ્યો હતો. ભારતીય જનતા પાર્ટી બહુ જ 'વહેવારું' રાજકારણ રમતી રહી છે. ભારતીય સંસ્કૃતિની વાતો કરતાં થાંકે નહીં અને પછી કોઈનું ઘર ભંગ કરનારી અભિનેત્રીને ટિકિટ આપી દે ! મથુરા જાટ બહુલ સંસદીય ક્ષેત્ર છે અનએ હવે આ દક્ષિણ ભારતીય મહિલા જાટ અભિનેતાની પરણેતર હોઈ જાટ પ્રજાને તો જાટણી જ લાગે. વળી એની સેલિબ્રિટી વેલ્યુ તો એવી કે એને દેશના કોઈ પણ સંસદીય ક્ષેત્રમાં ઊભી કરી દેવામાં આવે તો પ્રતિસ્પર્ધીની પનોતી બેસાડી દઈ શકે. હેમામાલિનીના ગાલ હવે અગાઉ જેવા સુંવાળા ન પણ રહ્યા હોય પરંતુ પ્રચલિત થઈ ગયેલો રૂઢિપ્રયોગ વાપરતાં હોય એમ મહારાષ્ટ્રના શિવસેનાના રોડ એન્ડ બિલ્ડિંગ મિનિસ્ટરે જાહેર કાર્યક્રમમાં ફરી વાર એ જ સરખામણી કરી નાખી જે ઘણાંને અરુચિકર લાગી. ખુદ હેમામાલિનીએ પણ થોડી નારાજગી વ્યક્ત કરી કે આ તો લાલુજીએ વર્ષો પૂર્વે શરૂ કરેલી પરંપરા છે જે સામાન્ય માણસ રિપીટ કરે તે સહ્ય ગણી લેવાય પણ સંસદ સભ્ય કે મંત્રી જેવી વ્યક્તિના મોંમાં એ શોભે નહીં. તરત જ શિવસેનાના સંજય રાઉટે ચોખવટ કરી કે એમાં તો હેમાજીનું સન્માન જ વ્યક્ત થાય છે! હવે આ તરફ સમાજવાદી પાર્ટીના રાજયસભાનાં સદસ્ય 'ગુડ્ડી' ફેમ જયા બચ્ચનનો પુણ્યપ્રકોપ એકાએક ફાટી નીકળ્યો એની વાત કરીએ. મુલાયમસિંહે એમના મિત્ર અને રાજકીય હમસફર એવા અમરસિંહ મારફત અમિતાભ બચ્ચનને રીતસર ખોળે લીધા હતા અને મુશ્કેલ સ્થિતિમાં એમને ઉત્તરપ્રદેશના બ્રાન્ડ એમ્બેસેડર બનાવી હૂંફ આપી હતી. જયા બચ્ચન અને જયા પ્રદા પૈકી જયા બચ્ચનની રાજકીય કારકિર્દી લાંબી ચાલી એનું કારણ તો એ જ કે તેઓ બચ્ચન પરિવારનાં સિનિયરમોસ્ટ મહિલા છે. આપણાવાળા જુગલજી લોખંડવાળાને કોણ જાણે શું ચાનક ચડી કે એ મહેસાણાં બ્રાન્ડ કોમન્ટ કરી બેઠા. જયા બચ્ચને ઉગ્ર થઈને આખું સદન માથે લીધું. પીઠાસીન અધ્યક્ષ ભુવનેશ્વર કાલિતાને પણ લબડધક્કે લીધા અનએ કાળઝાળ થઈને શ્રાપ આપી બેઠાં કે જાઓ, તમારા ખરાબ દિવસો આવશે, અને તે બહુ જ જલ્દી આવી જશે ! ઉત્તરપ્રદેશની ચૂંટણી વખતે જ આ શ્રાપ જો સાચો પડે તો ખરેખર શાસક પાર્ટીની દુર્દશા થઈ શકે! બચ્ચન પરિવાર વિરુદ્ધ અત્યારે વિદેશમાં નાણાં-રોકાણ મુદ્દે તપાસ ચાલી રહી છે અને જયા બચ્ચન દેખીતી રીતે વિચલિત હોય જ, કારણ કે એમની પુત્રવધૂ ઐશ્વર્યાને ખાસ્સા પાંચ કલાક માટે ઈડીની ઓફિસે જઈ જવાબો આપવા પડ્યા છે. બચ્ચન પરિવાર પૂરેપૂરો ખેલાડી છે. અમિતાભ બચ્ચન મોદી સાથે મીઠા સંબંધો કેળવીને ગુજરાતમાં 'કુછ દિન' વિચાવી ચૂક્યા છે. રાજકારણ, અર્થકારણ અને (હેમામાલિનીના) સૌંદર્યકારણને એકમેક સાથે ઘણો ઘનિષ્ઠ સંબંધ રહેતો હોય છે. પરંતુ હવે રસ્તાઓ હેમા માલિનીના ગાલ જેવા નહીં પણ 'અમેરિકા જેવા' બનાવવાની રજૂઆત થવી જોઈએ. નીતિન ગડકરીએ આવી રજૂઆત કરીને લોકોનાં દિલ જીતી લીધાં છે.

### દિન મહિમા

- રાષ્ટ્રીય ગણિત દિવસ દર વર્ષે આજનો દિવસ ભારતના મહાન ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજની યાદમાં આ દિવસ ઉજવવામાં આવે છે.

આજનું

### ઔષધ

- દરરોજ સવાર-સાંજ એક મુઠ્ઠી શેકેલા છોતરા સાથેના ચણા ખાવાથી કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટે છે. અને હૃદયરોગ થવાની શક્યતા ઘટી જાય છે.
- મથીના લોટને ધતુરાના પાનના રસ સાથે મિક્સ કરી સારણગાંઠ પર લગાવવાથી રાહત થાય છે.

### ખડખડાટ

- માસ્કન પહેર્યું હોય તો ૧૦૦૦ રુપિયાનો દંડ લેવાને બદલે જેને માસ્ક પહેર્યું હોય તેને ૧૦૦ રુપિયાનું ઈનામ આપો પછી ૪ દિવસમાં જોજો આખું ભારત સુધરી જશે....
વિચાર બદલો, દેશ આપોઆપ બદલાશે.

આજનો

### વોટ્સએપ

- કોઈને મદદ કરવા માટે લંબાવેલો હાથ એ પ્રાર્થના કરવા માટે જોડાયેલા બે હાથ કરતાં મહાન છે.

### વિચાર


- તમે જો મદદ કરશો તો તમને મદદ મળશે, કદાચ આવતી કાલે કે કદાચ સો વર્ષે પણ તમને મદદ મળશે, કુદરત દેવું અવશ્ય ચૂકવશે, તે ગણિતનો કાનૂન છે અને સમગ્ર જીવન એક ગણિતશાસ્ત્ર છે

- ગુર્જિએફ

# ઓપન પ્લેટફોર્મ અને નીતિનાં ધોરણો




કલા અને નીતિ અને કલા ખાતર કલા. કલા સમાજ માટે - આ બધા પ્રશ્નો વર્ષોથી ચર્ચાતા રહ્યા છે. સિનેમા કળાનો ઉદ્ભવ થયો નહોતો. ત્યારથી આ પ્રશ્નો વિશે ચર્ચા ચાલી રહી છે. આ એવી ચર્ચા છે, કે જેનો અંત નથી. માનવજગતમાં જયાં સુધી કળાનો આવિર્ભાવ છે ત્યાં સુધી આ પ્રશ્ન ચર્ચાતો રહેવાનો છે.



એમાં સિનેમા કળા અને ટેલિવિઝન પર આવતાં ધારાવાહિકો એ બધાનો સમાવેશ થાય છે. કેટલાક એવું માને છે કે કળામાં શ્લીલ -અશ્લીલ જેવું કશું હોતું નથી તો કેટલાક નાકનું ટેરવું ચઢાવીને કહે છે કળામાં નીતિમત્તા હોવી જોઈએ. આમ, આ ચાર્યા નિરંતર ચાલતી રહી છે અને રહેશે.

હમણાં આ ચર્ચાએ ફરી જોર એટલા માટે પકડ્યું છે કે, ઓપન પ્લેટફોર્મ પર જે રીતની સામગ્રી પીરસવામાં આવે છે એને કારણે શરૂ થઈ છે. થોડા વર્ષો પૂર્વે એક ગીતમાં 'સેક્સી' શબ્દપ્રયોગ થયો હતો. ત્યાર એના પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. પણ હવે ઓપન પ્લેટફોર્મ પર ઉઘાડેછોગ બધું જ મનોરંજનના નામે પીરસવામાં આવે છે અને હવે એની સામે ઊહાપોહ શરૂ થયો છે.

ઓપન પ્લેટફોર્મ જાણે સેક્સ, વલ્ગારિટી, ગાળાગાળી પીરસવા માટેનું એક સલામત માધ્યમ બની ગયું હોય એવું લાગે છે. આવા માધ્યમને કળા સાથે લેવાદેવા ખરી કે કેમ ? આ બધી સામગ્રી કળાના ધોરણોએ ખરી ઊતરી છે કે કેમ એ મોટો પ્રશ્ન છે. માત્ર ગલગલિયાં કરાવવા, ઉત્તેજના પ્રેરવી અને અભિવ્યક્તિના નામે બધું ચલાવવા દેવું એ સંદર્ભે પણ વિચારવા જેવું તો ખરું ! ઓપન પ્લેટફોર્મને કારણે ધીમે ધીમે ટેલિવિઝન જેવા માધ્યમ ઉપર પણ આવા દૂષણો પ્રવેશતા જાય છે. ટેલિવિઝન એવું માધ્યમ છે કે, નાના-મોટાં સહુ સાથે બેસી મનોરંજન માણતાં હોય છે. હવે, આ માધ્યમ પણ પ્રદૂષિત થતું જાય ત્યારે સમગ્ર કુટુંબ સાથે બેસીને નિહાળી શકે એવી સામગ્રી ઓછી થતી જાય છે.

મુળ મુદ્દો એ છે કે ઓપન પ્લેટફોર્મ પર ઉઘાડે છોગ જે રજૂ થાય છે ને માટે કોઈ સેન્સરશિપ લાદવાની જરૂર છે કે નહીં? કળા અને મનોરંજનના નામે બધું જ ચલાવી લેવામાં આવે તો મનોરંજનના સ્તરનો પણ વિચાર કરવો પડે. આપણે ધીમે ધીમે સ્થૂળ મનોરંજનની દિશામાં ગતિ કરી રહ્યા છીએ, જે ઘાતક છે.

# શાંતાક્લોઝે આંખમાં આવેલા આંસુને લૂંછ્યા અને સૌને ખુશીઓ વહેંચવા આગળ વધી ગયો




શાંતાક્લોઝ આળશ ત્યાગીને ઉર્જા અને સ્ફૂર્તિથી ઊભા થઈ ગયા. ૨૫ ડિસેમ્બર એટલે કે ક્રિસમસ આવી રહી હતી. તેમને દુનિયાના બહુ બધાં નાના ભુલકાઓને તેમની મનપસંદ ગીફ્ટ તેમજ ચોકલેટ આપવાની હતી. તેમણે પોતાની ઝોળીમાં બધું ભરવાનું શરૂ કર્યું.

ગીફ્ટની વસ્તુઓ ભરતાં ભરતાં અચાનક શાંતાક્લોઝને ગઈ ક્રિસમસે એક સાત વર્ષના નાનકડા બાળખ એડવીનની વાત યાદ આવી ગઈ. જેનાથી તેમની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં.

જયારે તે એડવીન પાસે સુંદર સુંદર ગીફ્ટ આપવા પહોંચ્યા ત્યારે એડવીન પથારીમાં બેઠાં બેઠો દૂધ પીતો હતો. એડવીન શાંતાક્લોઝને જોઈને રાજી રાજી થઈ ગયો. શાંતાક્લોઝે પોતાની બેગમાંથી એડવીનને ઘણીબધી ગીફ્ટો અને એક ચોકલેટનો ડબ્બો આપી તેના માથા પર ખુબ પ્રેમથી હાથ ફેરવ્યો. આ જોઈ એડવીને ઊભા થવાની કોશિષ કરી પણ તે નીચે પડી ગયો. વાત એમ હતી કે નાનો એડવીન પોલિયોગ્રસ્ત હતો. તેને પડતો જોઈને શાંતાક્લોઝે તેને ઉંચકીને ખોળામાં લઈ લીધો અને ખુબ બધી બ્લેસિંગ્સ આપી.

તે પછી એડવીને શાંતાક્લોઝને કહ્યું, 'વ્હાલા શાંતા દાદુ તમે બહુ ભલા છો. હવે આવો ત્યારે મારા પગને સાજા કરી દેજો. હું પણ બીજા બાળકોની જેમ દોડવા, કુડવા, ભાગવા અને રમવા માગુ છું.'

નાનકડા એડવીનની વાત સાંભળી તે વખતે શાંતાક્લોઝની આંખો ભરાઈ આવી અને આજે ફરી એ વાત યાદ આવતાં તે રડી પડ્યા.

ગયા વખતે એડવીનની આવી વાત સાંભળી તેમણે પોતાના મનમાં એવી ગાંઠ વાળી હતી કે હવે દર વર્ષે ક્રિસમસના તહેવારોમાં દરેક ઘેર જઈ તેઓ સૌને જાગ્રત કરશે. અને નાનકડાં બાળકોના માતા પિતાને વિનંતી કરશે કે તેઓ બાળકોને બધા પ્રકારની રસી પીવડાવે અને જરૂરી ઈન્જેકશન અપાવે. જેથી માસુમ બાળકો બાળપણમાં એવી કોઈ બિમારીનો શિકાર બને નહીં.

તે માટે તેમણે બાળકો માટે ઈન્જેકશન અને ગોળીઓના આકારનાં સુંદર રમકડાં પોતાની બેગમાં ભરી લીધા હતા. તેમને ખબર હતી કે બાળકો રમકડાં દ્વારા તેમની વાત સહજ રીતે સમજી જશે.

તેમની પુરી ઝોળી ભરાઈ ગઈ એટલે ક્રિસમસના દિવસે તેમણે તેને ખભે ભરાવી. ભારી થેલો ખભે ભરાવવાના કારણે તેમની લાંબી સફેદ દાઢી હળવા લાગી. અને તેમની લાલ ટોપી ઉપર લાગેલું સફેદ છોગું નૃત્ય કરવા લાગ્યું.

તે જલ્દીથી નીચે ઉતર્યા અને જમીન પર આવી ગયા. જમીન પર ઊતરી તેમણે ચારે બાજુ નજર દોડાવી કે શરૂઆત ક્યાંથી કરવી. એક તરફ ઘણી બધી ઝૂંપડીઓ હતી. આજે તેમણે એ તરફ જવાનો નિશ્ચય કર્યો.

અક્ષિતિત લોકોને બાળકોને સમયસર રસી અને દવા આપવાની વાત સમજાવવી જરૂરી હતી. તે ઝોળીને ઊંચકી એ તરફ ચાલ્યા.

ઝૂંપડપટ્ટી નજીક પહોંચતાં નાનાં નાનાં ઘણાં બાળકો શાંતક્લોઝની આસપાસ આવી ઊભા રહી ગયા અને ગીફ્ટ માંગવા લાગ્યા. ઘણા બાળકો પૂરતું ખાવાનું ન મળવાને કારણે નબળા અને અશક્ત લાગતા હતા. કુપોષણને કારણે તેમના ચહેરા પર તેજ દેખાતું ન હતું. અમુક બાળકો બાળપણમાં જ કોઈ ફેકટરીમાં કામ કરવાને કારણે ટીબીની બિમારીનો શિકાર બનેલાં હતા.

માસુમ બાળકોને આવા કષ્ટ પળતાં જોઈ શાંતાક્લોઝની આંખોમાં આંસુ આવી ગયા તે બોલ્યાં, 'બાળખો આજે હું તમને સૌને નવી નવી ડિઝાઈનનાં રમકડાં આપીશ. રમકડાં અને ચોકલેટની સાથે સાથે તમને અને તમારા માબાપને મહત્ત્વની માહિતી આપીશ જેના કારણે તમારી આવનારી ક્રિસમસ સુંદર અને અનોખી નીવડે.'

તે પછી તે થોડાં નાનાં બાળકો તરફ ગયા. અને તેમણે ઈંજેકશન અને ગોળીઓના આકારના રમકડાં અને ચોકલેટ આપતાં પોતાની દાઢીને સહેલાવી નાચતાં ગાતાં બોલ્યાં.

'છોકરાં રે... છોકરાં રે.... વાત કહું બહુ કામની
ભણો ગણોને આગળ વધો, વાત કરો તમે જ્ઞાનની
બા-બાપ પણ સમજે એવી છે તંદુરસ્તીની વાતની,
મારે ગીફ્ટ તમને દેવી છે સમજદારીની શાતની.'

બાળકોની સાથે માતા-પિતા ને પણ શાંતાક્લોઝની વાત ગમી અને માતા પિતાએ શાંતાક્લોઝને વચન આપ્યું કે તેઓ પોતાનાં બાળકોને સમયસર ટીકારણ કરાવશે અને દવાઓ આપશે. તે સાથે તેમણે ભણાવશે જેથી બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બને.

તે પછી શાંતાક્લોઝે બધાને ભેટો અને ચોકલેટ વહેંચી. અમુક નાના બાળકોને તેડ્યા, વ્હાલ કર્યું અને આવનાર જીવનની શુભકામનાઓ આપી. બાળકોએ પણ ભેટી મળ્યા પછી પ્રેમથી તેમને વિદાય કર્યા. ત્યાંથી નીકળ્યાં. શાંતાક્લોઝને હવે એક અદ્ભૂત સંતુષ્ટિનો અહેસાસ થયો.

આજ તેમને પોતાના હૃદયમાં એક અલગ ખુશીનો અનુભવ થયો હતો. તે પછી તેઓ ત્યાંથી અન્ય બાળકોની તરફ ચાલી નીકળ્યા. તેમનું પહેલું મિશન કામયામ થયું હતું. તેમણે જાતે સંકલ્પ કર્યો કે આજના દિવસે અનેક બાળકો અને તેમના માતાપિતાને ભેટોની સાથોસાથ એક સમજણ અને જ્ઞાન આપવાનું કામ કરવું છે. જેથી બાળખો બાળપણથી સ્વસ્થ રહે તે માટે જરૂરી દવાઓ અને ઈંજેકશનો અપાવવાની જરૂર છે.

આ વિચાર કરતા હતા ત્યારે તેમની સામે ફરી એકવાર એડવીનનો ચહેરો સામે આવી ગયો. શાંતાક્લોઝે હાથ વડે આંખમાં આવેલા આંસુને લૂંછ્યા અને તે સૌને ખુશીઓ વહેંચવા આગળ વધી ગયો.

# આંકડાના મિત્ર : શ્રીનિવાસ રામાનુજન

પ્રસંગસર
અતુલ કોઠારી

જો શૂન્ય અને અનંત જેવી ગાણિતિક શોધ ન થઈ હોત તો વિજ્ઞાન અને ટેક્નોલોજીના પાયા પર આજે માનવ સભ્યતા જે ઊંચાઈએ પહોંચી છે ત્યાં સુધી પહોંચવું કદાચ શક્ય ન બન્યું હોત. આ શોધ વિના મંગળ પર પહોંચવું, ચંદ્ર અને પૃથ્વી વચ્ચેના અંતરનો અંદાજ કાઢવો કે સમુદ્રની ઊંડાઈ માપવી જેવા કાર્યો પાર પાડવા સરળ ન બન્યા હોત. ગણિતની આ અસાધારણ શોધોને કારણે જ સમગ્ર વિશ્વ ભારતના ગણિતશાસ્ત્રીઓ સામે નતમસ્તક છે. એમાંના એક ગણિતશાસ્ત્રી એટલે શ્રીનિવાસ રામાનુજન. તેમણે જ્યારે વિશ્વને અનંત(ઈન્ફિનિટી)નો પરિચય કરાવ્યો ત્યારે આ શોધના કારણે ગણિતના વિશ્વભરના વિદ્વાનો આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

રામાનુજને તેમના ૩૨ વર્ષ ૪ મહિના અને ૪ દિવસના ટૂંકા જીવનકાળમાં ગણિતના ક્ષેત્રમાં જે કાર્ય કરેલ છે તેને સાબિત કરવા માટે વિશ્વભરના ગણિતશાસ્ત્રીઓ આજે પણ કામ કરી રહ્યા છે. તેમણે ૧૩ વર્ષની નાની ઉંમરે સંશોધન કાર્ય શરૂ કર્યું અને ૧૫ વર્ષની ઉંમરે નોટબુકમાં પોતાનું સંશોધન કાર્ય લખવાનું શરૂ કર્યું હતું. ૧૬ વર્ષની ઉંમરે તેમણે જાણીતા ગણિતશાસ્ત્રી જી.એસ.કારના પુસ્તકમાંથી ભૂમિતિ અને બીજગણિતના પ્રમેય તેમ જ સૂત્રોનો ઉકેલ શોધી કાઢ્યો હતો અને ૨૫ વર્ષની ઉંમરે ત્રિઘાત અને ચતુર્ભુજ જેવા સમીકરણો ઉકેલવાની પધ્ધતિઓ શોધી કાઢી હતી.

શ્રીનિવાસ રામાનુજનના સંશોધન કાર્યોનો ઉપયોગ વિવિધ ક્ષેત્રોમાં અને બહોળા પ્રમાણમાં થાય છે. તેમાં પાર્ટિકલ ફિઝિક્સ, કમ્પ્યૂટર વિજ્ઞાન, ક્રિપ્ટોગ્રાફી, પોલિમર રસાયણવિજ્ઞાન, પરમાણુવિજ્ઞાન, ટેલિકમ્યુનિકેશન, કમ્યુનિકેશન નેટવર્ક, ઘાત, ન્યુક્લિયર ભૌતિકવિજ્ઞાન, જૈવિક વિજ્ઞાન વગેરેનો સમાવેશ થાય છે. તેમની હસ્તલિખિત ત્રણ નોટબુક 'ટાટા ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફંડામેન્ટલ રિસર્ચ' દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. રામાનુજને તેમના છેલ્લા દિવસોમાં જે કામ કર્યું તે કાગળો એપ્રિલ ૧૯૭૬માં અમેરિકાની વિસ્કોન્સિન યુનિવર્સિટીના વિઝિટિંગ પ્રોફેસર જ્યોર્જ એન્ડ્રૂઝને ટ્રિનિટી કૉલેજની લાઈબ્રેરીમાંથી ૧૪૦ પાનાં મળ્યાં. પ્રો. એન્ડ્રૂઝે આ તમામ કાગળોને સંપાદિત કરીને 'ધ લોસ્ટ નોટબુક ઓફ રામાનુજન' નામનું એક પુસ્તક પ્રકાશિત કર્યું. તેના પર વિશ્વના મહાન ગણિતશાસ્ત્રીઓ આજે પણ કામ કરી રહ્યા છે. થોડા સમય પહેલા અમેરિકાના એક ગણિતશાસ્ત્રીએ એવો દાવો કર્યો હતો કે રામાનુજને તેમના છેલ્લા પત્રમાં જે સૂત્રનો ઉલ્લેખ કર્યો હતો તેં તેમણે સાબિત કરી લીધું છે.

૨૨ ડિસેમ્બર, ૧૮૮૭ના રોજ ઈરોડ, તમિલનાડુમાં જન્મેલા રામાનુજનના પરિવારની આર્થિક સ્થિતિ ખૂબ જ સાધારણ હતી. ધોરણ ૧૧ની પરીક્ષામાં નાપાસ થયા બાદ પરિવારની આર્થિક જરૂરિયાતને કારણે તેમણે ટ્યુશન ભણાવવાનું શરૂ કર્યું હતું. લગ્ન પછી તેઓ નોકરી માટે ઘણી જગ્યાએ ફરતા હતા. તે દરમિયાન તેઓની મુલાકાત નાયબ કલેક્ટર શ્રી રામાસ્વામી ઐયર, પ્રો. પી.વી શેષુ અય્યર, સી.વી રાજગોપાલાચારી, રામચંદ્ર રાવ વગેરે સાથે થઈ અને એ બધાના સહયોગથી તેઓ નોકરીની સાથે સાથે ગણિતનું કામ પણ કરતા રહ્યા.

તેમના જીવનમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રો. હાર્ડીની ભૂમિકા ખૂબ મહત્વની રહી હતી. જ્યારે પ્રો. હાર્ડીએ રામાનુજનનું ગણિત અંગેનું સંશોધન કાર્ય જોયું ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા અને તેમને તુરંત ઈંગ્લેન્ડ બોલાવ્યા. રામાનુજનને કેમ્બ્રિજ યુનિવર્સિટીની ટ્રિનિટી કૉલેજના ફેલો તરીકે દાખલો અપાવવાથી માંડીને શિષ્યવૃત્તિ અપાવવા તેમ જ અભ્યાસ અને સંશોધન કાર્યમાં પ્રો. હાર્ડીએ સતત સહયોગ કરેલ. રામાનુજન વર્ષ ૧૯૧૪ થી ૧૯૧૯ સુધી ઈંગ્લેન્ડમાં રહ્યા હતા. પ્રથમ વિશ્વયુદ્ધને કારણે ગણિતના કાર્યમાં પડેલો વિક્ષેપ, ભોજનની મુશ્કેલી (કારણ કે, રામાનુજન સંપૂર્ણપણે શાકાહારી હતા), ભારે ઠંડીને કારણે બીમારી જેવી સમસ્યાઓની વચ્ચે પણ તેઓએ ૩૭ સંશોધન પેપર રજૂ કર્યા હતા.

૧૯ માર્ચ, ૧૯૧૬ના રોજ રામાનુજને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદવી આપવામાં આવી હતી. ૬ ડિસેમ્બર ૧૯૧૭ના રોજ 'ફેલો ઑફ લંડન મેથેમેટિકલ સોસાયટી' તેમ જ ફેબ્રુઆરી ૧૯૧૮માં કેમ્બ્રિજ યુનિવર્સિટીના સભ્ય તરીકે તેમની નિમણૂક કરવામાં આવી હતી. મે ૧૯૧૮માં તેમને પ્રથમ ભારતીય તરીકે 'રોયલ સોસાયટીના ફેલો' બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. તદુપરાંત, ૧૩ ઓક્ટોબર, ૧૯૧૮ના રોજ ટ્રિનિટી કોલેજના ફેલો તરીકે તેમની નિમણૂંક થયેલ.

અસાધ્ય બિમારીને કારણે તેમને ભારત પાછા ફરવું પડ્યું પરંતુ, તેમની ગણિતની સાધના નિરંતર ચાલુ રહી હતી. એક વખત પ્રો. હાર્ડી તેમને મળવા આવતા હતા ત્યારે તેમણે રસ્તામાં વિચાર્યું કે, રામાનુજનની તબિયત ખરાબ હોવાથી તેઓ ગણિત વિષે કોઈ વાત નહીં કરે પરંતુ કેટલીક હળવી અને હળવાશની વાતો કરશે તો તે વધુ સારું રહેશે. તેઓ રામાનુજનને જ્યારે મળ્યા ત્યારે તેમણે કહ્યું કે, હું જે ટેક્સીમાં આવ્યો તેનો નંબર ૧૭૨૯ હતો, જે સંખ્યા અપશુકન માનવામાં આવે છે. રામાનુજને તરત જ કહ્યું કે, ના. એવું નથી, આ નાનામાં નાની સંખ્યા છે જેને બે સંખ્યાઓના ઘનના સરવાળા તરીકે બે અલગ અલગ સ્વરૂપે રજૂ કરી શકાય છે. તે આ રીતે છેઃ ૧૦૩ ૯૩ =૧૨૩૧૩.

વર્ષ ૧૯૨૧માં હંગેરીના પ્રખ્યાત ગણિતશાસ્ત્રી જયોર્જ પૉલયાએ કામ કરવા માટે પ્રો. હાર્ડી પાસેથી રામાનુજનની નોટબુક લીધી હતી. થોડા દિવસો પછી પ્રો. હાર્ડીને એ નોટબુક પાછી આપતાં તેમણે કહ્યું કે, જો હું આ નોટબુકના પરિણામો સાબિત કરવાની માયાજાળમાં ફસાઈ ગયો તો મારું આખું જીવન તેમાં જ વીતી જશે અને કોઈ સ્વતંત્ર સંશોધન કાર્ય કરવું મારા માટે શક્ય નહીં બને. પ્રખ્યાત ગણિતશાસ્ત્રી અને ફિલોસોફર બર્ટ્રેડ રસેલે કહ્યું હતું કે પ્રો. હાર્ડી અને પ્રો. લિટલવુડે 'એક હિંદુ કારકુન' માં બીજા ન્યૂટનને શોધી કાઢ્યો છે.

ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. એ.પી.જે અબ્દુલ કલામે કહ્યું હતું કે, રામાનુજન વિશ્વભરના ગણિતશાસ્ત્રીઓ માટે સતત પ્રેરણાસ્ત્રોત છે. પ્રો. હાર્ડીએ કહ્યું કે રામનુજને તેમના જીવનને સમૃદ્ધ બનાવ્યું છે અને તેઓ તેમને ક્યારેય ભૂલવા માંગતા નથી. પ્રો. હાર્ડીએ તે સમયના ગણિતના વિદ્વાનોને ગુણ આપ્યા, જેમાં પોતાને ૧૦૦ માંથી ૨૫, પ્રો. લિટવુડને ૩૦, જર્મન ગણિતશાસ્ત્રી હિલવર્ડને ૮૦ અને રામાનુજનને ૧૦૦ ગુણ આપ્યા હતા. મૃત્યુના બે મહિના પહેલા (૧૨ જાન્યુઆરી, ૧૯૨૦), રામનુજને પ્રો. હાર્ડીને અંતિમ પત્ર લખ્યો હતો તેમાં પણ તેઓએ 'મોક થીટા ફંક્શન' પર મળેલા પરિણામો મોકલ્યા હતા .

વર્ષ ૨૦૧૧ માં, શ્રીનિવાસ રામાનુજનના ૧૨૫મા જન્મદિવસના અવસર પર તે વર્ષને 'રાષ્ટ્રીય ગણિત વર્ષલ્લ તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. ત્યારથી ભારતમાં દર વર્ષે ૨૨ ડિસેમ્બરને 'રાષ્ટ્રીય ગણિત દિવસલ્લ તરીકે ઉજવવામાં આવે છે. જો કે, શ્રીનિવાસ રામાનુજનના કાર્યો પર ભારતમાં વધુ સંશોધન થાય તેને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આ દષ્ટિકોણને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ માં ભારતીય જ્ઞાન પરંપરાને શિક્ષણના દરેક સ્તરે સમાવેશ કરવા અને તેના પરના સંશોધન કાર્યને પ્રોત્સાહન આપવાના હેતુથી 'રાષ્ટ્રીય સંશોધન પ્રતિષ્ઠાન' (NRF) ની સ્થાપના કરવાનું સૂચવવામાં આવ્યું છે.